॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૭ તારીખે સળંગ અંક ૪૮૬, જુલાઈ–૨૦૨૬, રૂા. ૫.૦૦/–













## સંવત ૨૦૮૨ -૮૩ દરમિયાન માંડવી, અંજાર, રાપર અને પ્રસાદી મંદિરની સેવામાં પધારેલ સંતો



ભુજ મંદિર દ્વારા દેશની રાજધાની નવી દિલ્હી અને દેશનું પવિત્રતમ યાત્રાધામ હરિદ્વારમાં
દેશ વિદેશના પ્રવાસી હરિભક્તો તથા યાત્રાળુઓ માટે નવનિર્માણ પામશે
શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભવન - નવી દિલ્હી તથા શ્રી નરનારાયણદેવ વિશ્રાંતિ ભવન - હરિદ્વાર
ભૂમી પૂજન માટે પધારેલા સંતો તથા ટ્રસ્ટીઓ.



માંડવી શહેરમાં પવિત્ર અધિકમાસમાં આયોજિત
શ્રીવૃંદાવનસેવા અમૃત મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૮ કુલ અંક-૨૦૪

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૬ અંક-૫ જુલાઈ-૨૦૨૬
વર્ષ : ૪૧ સળંગ અંક-૪૮૬

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::**
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

**:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ,
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીનઃ ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith



ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા

| | |
|---|---|
| તંત્રીની કલમે | ૪ |
| લેખ | ૫ |
| સત્સંગ સમાચાર-દેશ | ૬ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૨૫ |
| શ્રી ઘનશ્યામ બાળસંદેશ | ૨૮ |

### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે.
  કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

# તંત્રીની કલમે

**"બોલમા...બોલમા...બોલમા રે....સ્વામિનારાયણ શિવાય બીજું બોલમા...**
**દૂધને  છાશનો સ્વાદ તજીને ઠંડાપીણાથી પ્રીત જોડમા રે...."**

મહાન સનાતની ઋષિ પતંજલિએ સૂત્ર આપ્યું છે કે, અભ્યાસવૈરાગ્યાભ્યાં તન્નિરોધઃ અર્થાત્ વૈરાગ્યનો અભ્યાસ કરવાથી તે નિયંત્રણમાં આવે છે ને, નિર્મળ, કોમળ ને શાંત થાય છે.

સ્મૃતિઓ પણ વર્ણવે છે-મનોહિ જગતાં કર્તૃમનોહિ પુરુષઃ સ્મૃતિ. અંગ્રેજ ફિલશુફ એલેકઝાન્ડર રાલ્ફે તેના ધ પાવર ઓફ માઈન્ડ નામના પુસ્તકમાં લખ્યું છે કે એકાગ્રતાની ટેવ વડે માણસનું મન શરીર બહારના સજીવ અને નિર્જીવ પદાર્થો ઉપર પણ ઈચ્છાનુસાર પ્રભાવ પાડી શકે છે.

આમ જડ જગતના પરમાણુંઓને મહારાક્ષસ અને ચેતન જગતના જીવકોષોને મહાદેવ કહી શકાય. આમ દૂધ અને છાશ માનવના શરીર અને મન-બુદ્ધિ-ચિત્ત-અહંકારમાં સાત્ત્વિકતા ભરે છે. તેવી જ રીતે દારૂ, બ્રાન્ડી, વ્હીસકી અને ભોજન સાથે લેવાતા રસાયણિક ઠંડાપીણાં માનવમાં વિષ પણ ભરી જાય છે.

ખાદ્યપદાર્થોની જેમ જ શબ્દોનું પણ એવું જ છે. મંત્રશાસ્ત્ર પ્રમાણે એકાક્ષરી ઓમ થી અનેકાક્ષરી મંત્રોમાં શબ્દહામ શક્તિ ભરેલી જ હોય છે અને જ્યારે સદ્‌ગુરુ શિષ્યના તન-મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર અને સાંસારિક વ્યવહારોમાં યોગ્ય માત્રામાં રટણ થયા બાદ સિદ્ધ થઈ ફલિત થઈ સામાન્ય સત્સંગીને પણ માનવમાંથી મહામાનવ અને અંતે ભગવાનમાં જોડી દે છે.

આલ્બર્ટ આઈસ્ટસ્ટાઈનના E=(mc)2, ઈ બરોબર (એમસી) ૨ વર્ગથી ઉત્પન થતો અણુબોમ્બ આજે દુનિયાના સાડા સાત અબજ માનવોને ગભરાવી રહ્યો છે. ત્યારે ષડ્ક્ષરી 'સ્વામિનારાયણ' મંત્ર માનવોને મોક્ષ માર્ગે લઈ જાય છે..તેથી 'તરસી મરીયે ચંદ્રિકાના ચંદ્ર પ્રેમ જેમ, સંસારની કાળી ડિબાંગ અમાવાસ્યાને તગડીએ, ષડ્ક્ષરી શરદપૂર્ણિમા જળહળાવીને..!'

# શિક્ષાપત્રી શ્લોક - ૧૦૫

હિંમતભાઇ ઠક્કર 'રઘુવંશી' - ભુજ



**હૃત્સ્થોઽણુસૂક્ષ્મશ્ચિદ્રૂપો જ્ઞાતા વ્યાપ્યાખિલાં તનુમ્ । જ્ઞાનશક્ત્યા સ્થિતો જીવો જ્ઞેયોઽચ્છેદ્યાદિલક્ષણઃ ॥**

અને જે જીવ છે તે હૃદયમાં રહેલો છે, અણુસરખો સૂક્ષ્મ છે, ચૈતન્યરૂપ છે, જાણનારો છે, પોતાની જ્ઞાનશક્તિ વડે નખથી શિખા પર્યંત વ્યાપીને રહેલો છે. અને અછેદ્ય, અજર, અમર ઈત્યાદિક લક્ષણવાળો છે, એમ અમારા આશ્રિતોએ જાણવું.

ભાષ્યકાર શ્રીશતાનંદ સ્વામી આ શ્લોકનું તાત્પર્ય સમજાવતાં કહે છે કે, શ્રીજીમહારાજે પૂર્વના શ્લોકમાં કહ્યું કે, જે જીવ માયા અને ઈશ્વરના સ્વરૂપને જેમ છે તેમ જાણવું તેને જ્ઞાન કહેવામાં આવે છે, તેમાં હવે અનુક્રમે પ્રથમ જીવના સ્વરૂપને કેવી રીતે જાણવું, એ બાબત આ શ્લોકમાં સમજાવી છે. શાસ્ત્રજન્ય આત્મા અને પરમાત્માના સ્વરૂપનું જે યથાર્થ જ્ઞાન છે, એ ઉપાસનાની આધારશીલા છે. મનુષ્ય ત્યારે જ ઉપાસના કરી શકે છે કે, જ્યારે પોતાના સ્વરૂપને પરમાત્મા કરતાં ન્યૂન જાણે અને પરમાત્માને પોતાથી અધિક જાણે.

"જીવને હિંચકે ઝૂલવું બહુ ફાવે.! ઝૂલણ સંસારે ચાલ સત્સંગે ફગાવે.! દાસ-સેવક, શેષ-શેષી, જર-અજર; આત્મા-પરમાત્મા જ્ઞાન સત્સંગ ઝૂલાવે.!" આ રીતે સર્વ પ્રકારે આત્મા કરતાં પરમાત્માને ઉત્કૃષ્ટ અને વિલક્ષણ સમજે,તો જ જીવાત્મા પરમાત્માની ઉપસના કરી શકે. "ઉપાસના બોલવું સાવ સાદુ સરળ, 'વિવેક' સથવારે થાય હિમાલય સફર.! બ્રહ્મવિદ્યારૂપ ઉપાસનાને પુષ્ટિ, વર્ણાશ્રમ ધર્મપાલનથી બને હૃદયપુષ્ટ.!"

શ્રીજીમહારાજે વિશેષણો દ્વારા વિશિષ્ટ જીવાત્માના સ્વરૂપનું આ શ્લોકમાં નિરૂપણ કર્યું છે, જેમાં મુખ્યત્ત્વે નવ વિશેષણો છે. ૧-હૃત્સ્થઃ, ૨-અણુસૂક્ષ્મઃ, ૩-ચિદ્રુપઃ, ૪-જ્ઞાતા, ૫-જ્ઞાનશક્ત્યા અખિલાં તનું વ્યપ્ય સ્થિતઃ, ૬-અચ્છેદ્યઃ, ૭-અજરઃ, ૮-અમરઃ, ૯-અજન્મા.

૧-હૃત્સ્થઃ- એટલે આ શરીરમાં જીવાત્મા હૃદયકમળની અંદર રહેલો છે. ૨-અણુસૂક્ષ્મઃ- એટલે હૃદયસ્થાનમાં રહેલો જીવાત્મા અણુ સરખો સૂક્ષ્મ છે. સ્થૂલ નેત્રોથી કે મેડિકલ યંત્રોથી પણ જોઇ શકાતો નથી. માનવના માંસલ હૃદયની બાજુમાં તેની સૂક્ષ્મ હૃદયમાં બેઠક છે. ૩-ચિદ્રુપઃ- એટલે તે હૃદયમાં ચૈતન્યરૂપ અર્થાત્ જ્ઞાનસ્વરૂપ છે. ૪-જ્ઞાતા :- એટલે તે બધું જ જાણનારો છે. અર્થાત્ જ્ઞાનગુણના આશ્રયરૂપ છે. ૫-જ્ઞાનશક્ત્યા અખિલાં તનું વ્યાપ્ય સ્થિતઃ- એટલે જીવાત્મા પોતાની ચૈતન્ય શક્તિથી નખથી શિખા પર્યંત હૃદયમાં છે. ૬-અચ્છેદ્યઃ- એટલે કોઈપણ વસ્તુ કે હથિયારથી તેને છેદી શકાતો નથી. હૃદયના ઓપરેશનમાં નાડી-મજ્જાની કાપકૂપ થાય છે. ૭-અજરઃ, ૮-અમરઃ, ૯-અજન્માઃ- એટલે તે વૃદ્ધ થતો નથી માટે તે અમર રહે છે. અને મૃત્યુ ન પામતો હોવાથી તે અજન્મા અમર છે. અને ઈશ્વર મોકલે ત્યાં તે કર્મ ભોગવવા જન્મે છે.

સર્વે સત્સંગીઓ અને મંદિરે ન આવતા માનવો જોગ, જાગ્રત થાવ, ગુરુ-સદ્‌ગુરુ, મંદિરમાં તમારા દેહને આળોટાવો ને અંતે સમજી લ્યો.... "અજરં-અખિલં આત્મા પવિત્રમ્, કર્મો બધા જન્મો મરણમ્, ઈશ્વર વદતી એકોહમ્ બહુસ્યામ્, ચરિતમ્-વિચરિતમ્-મિલિતમ્ શ્યામમ્.

# સત્સંગ સમાચાર દેશ

## રાપર શ્રીસ્વામિનારાયણ મંદિરમાં પવિત્ર અધિકમાસની ભવ્ય ઉજવણી

વિ.સં.૨૦૮૨ ના પવિત્ર અધિક જેઠ માસ નિમિત્તે રાપર શ્રીસ્વામિનારાયણ મંદિર ખાતે વિવિધ દિવ્ય અને ભવ્ય સુંદર ધાર્મિક આયોજન કરવામાં આવ્યું હતું. મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી આદિ પૂજ્ય સંતોના દિવ્ય સાંનિધ્યમાં સમગ્ર માસ દરમિયાન ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો.

**-: અધિકમાસ દરમિયાન મુખ્ય આયોજનો :-**

**દૈનિક પ્રભાતફેરી :-**

દરરોજ વહેલી સવારે રાપર શહેરમાં સંતો, હરિભક્તો, સાં.યો.બહેનો, કર્મયોગી બહેનો દ્વારા ભક્તિભાવપૂર્વક પ્રભાતફેરી કાઢવામાં આવી હતી. જેનાથી સમગ્ર નગરનું વાતાવરણ મંગલમય બન્યું હતું.

**વિશેષ પૂજન :-**

અગિયારસ(એકાદશી), પૂનમ અને અમાસ જેવા પવિત્ર દિવસોએ શ્રીઠાકોરજીનું



તુલસીપત્ર તથા ચોખા(અક્ષત) વડે શ્રીસર્વમંગલ સ્તોત્રના એક હજાર મંત્રોથી વિશેષ પૂજન કરવામાં આવ્યું હતું.



**પવિત્ર પુરુશ્ચરણ અને હોમાત્મક યજ્ઞ:-**

અધિકમાસના અંતિમ ૧૫ દિવસો દરમિયાન ૧૩ વિદ્વાન ભૂદેવો દ્વારા શ્રીજનમંગલ સ્તોત્ર ૧૦ હજાર પાઠ, શ્રીસર્વમંગલ સ્તોત્ર ૧૧૦૦ પાઠ અને શ્રીવિષ્ણુસહસ્રનામ સ્તોત્રના ૧૧૦૦ પાઠ દ્વારા પુરુશ્ચરણ કરવામાં આવ્યા હતા. આ દિવ્ય પુરુશ્ચરણના દશાંશ હોમનું સુંદર આયોજન કરાયું હતું. જેમાં દરરોજ અલગ અલગ અલગ યજમાન પરિવારો સજોડે હવનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. તા. ૧૫/૬/૨૦૨૬ ના રોજ બપોરે પૂર્ણાહુતિ બાદ શાસ્ત્રોક્ત વિધિથી







અવભૃથ સ્નાન સાથે આ ધાર્મિક મહોત્સવનું ભક્તિભાવપૂર્વક સમાપન કરવામાં આવ્યું હતું.

**દેશ-વિદેશના ભક્તોની ઉપસ્થિતિ :-**

આ પવિત્ર આયોજનોમાં માત્ર રાપર કે કચ્છના જ નહિં, પરંતુ કચ્છ બહારના સમગ્ર ગુજરાત તેમજ વિદેશથી પણ મોટી સંખ્યામાં હરિભક્તો યજમાનપદ સ્વીકાર્યું હતું અને તન-મન-ધનથી સેવાનો અદ્ભુત લાભ લીધો હતો.

**સેવા-સહયોગ અને આશીર્વાદ :-**

કોઠારી સ્વામી શ્રીપ્રકાશદાસજી, કોઠારી સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજીની આજ્ઞાથી પાર્ષદ નારાણ ભગત તેમજ પૂજ્ય સંતો અને કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળના સભ્યોએ રાત-દિવસ ઉત્સાહપૂર્વક સેવા આપી આયોજનને સફળ બનાવ્યું હતું. આ સાથે મહિલા મંદિરના મહંત સાં.યો.રમિલાબેન તથા અન્ય સાં.યો.બહેનોના માધ્યમથી બહેનોની સેવા પણ પ્રશંસનીય રહી હતી.

આ મહોત્સવની પૂર્ણાહુતિ પર મંદિરના મહંત સ્વામી આદિ સર્વે સંતોએ સેવામાં સહભાગી સ્વયંસેવકો, કાર્યકર્તાઓ, યજમાનશ્રીઓ ઉપર રાજીપો વ્યક્ત કરી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

દિનાંક ૧૧ જૂનના રોજ રાપરમાં છેલ્લા ૧૩ મહિનાથી વાગડના સત્સંગની સેવામાં સદ્ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજીના મંડળની વિદાય સભા યોજાઈ હતી. જેમાં વરસ દરમિયાન જે જે ભક્તોએ સેવા કરી હતી એ દરેકને આશીર્વાદ સાથે પહેરામણી કરાઈ હતી. અને કાર્યકર્તા હરિભક્તો તેમજ વાગડના અન્ય ગામોના ભક્તોએ વિદાયની પુષ્પમાળા પહેરાવી હતી. અને દિનાંક ૨૩ જુનના રોજ સદ્ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજીના મંડળને રાપર અને વાગડ સત્સંગની સેવા સોંપી મંડળ ભુજ પ્રયાણ કર્યું હતું.

અ - કોઠારી સ્વામી આનંદમુનિદાસજી

## અંજાર શ્રીસ્વામિનારાયણ મંદિરમાં ઉજવાયેલા વિવિધ ઉત્સવો

**પુરુષોત્તમ માસમાં શ્રીરામ કથા :-**

અધિક જેઠ સુદ-૧ થી અધિક જેઠ વદ અમાસ તા.૧૭ મે ૨૦૨૬ થી ૧૫ જુન ૨૦૨૬ એક મહિના સુધી મંડળધારી સદ્ગુરુ ઉપમહંત સ્વામી ભગવદ્જીવનદાસજી, વડીલ સદ્ગુરુ શા.સ્વામી વિશ્વપ્રકાશદાસજી, પુ.સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, શા.સ્વામી નારાયણમુનિદાસજી, શા.સ્વામી અક્ષરપ્રકાશદાસજી, પુ.સ્વામી પરમહંસદાસજી, શા.સ્વામી સિદ્ધેશ્વરદાસજીદાસજી, પુ.સ્વામી સરયુદાસજી, કોઠારી સ્વામી પૂર્ણપ્રકાશદાસજી, કોઠારી સ્વામી ભક્તિપ્રકાશદાસજી, કોઠારી





સ્વામી સત્સંગસેવકદાસજી વિગેરે મંડળના સંતોની શુભ પ્રેરણાથી અંજાર મધ્યે શ્રીઘનશ્યામ મહારાજના પટાંગણમાં રાત્રે ૮-૩૦ થી ૧૦ દરમિયાન દરરોજ એક માસ સુધી ઉત્સાહી કથાકાર શા.સ્વામી વેદાંતસ્વરૂપદાસજી, શા.સ્વામી નિર્ભયચરણદાસજી, પુ.સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ કથામૃતનું રસપાન કરાવ્યું



હતું. અને વડીલ સંતો તથા કોઠારી સંતોના આગ્રહથી કચ્છના બધા મંડળો ખાસ આ પ્રસંગે જોડાયા હતા અને દર્શન-આશીર્વાદનો લાભ આપેલ હતો.

સભા સંચલાન કોઠારી સ્વામી ભક્તિપ્રકાશદાસજી, સંગીતકાર સ્વામી ભજનપ્રકાશદાસજી, પુ.સ્વામી ભક્તિવેદાંતદાસજી, સ્વામી વાસુદેવપ્રિયદાસજીએ સંભાળ્યું હતું.

દરરોજ સભા બાદ સર્વેને ભોજન પ્રસાદ આપવામાં આવેલ હતો. કથા તથા પ્રસાદની



સેવાનો ઘણા ભક્તોને લાભ મળેલ હતો. કથા અંતર્ગત શ્રીરામ જન્મોત્સવ, શ્રીરામ વિવાહ, શ્રીહનુમાન પૂજન, અયોધ્યા આગમન મહોત્સવના દિવ્ય પ્રસંગો ભવ્ય રીતે ઉજવાયેલ હતા. દરરોજ વિવિધ ધાન, સુકોમેવાથી ઠાકોરજી પાસે કલાત્મક સાથિયા ભરવામાં આવ્યા હતા. તે યજમાનોની સેવાથી સાં.યો.બહેનોએ બનાવ્યા હતા.

આ પ્રસંગે સહયોગી સંતોમાં પુ.સ્વામી બદરીશ્વરદાસજી, સ્વામી દર્શનપ્રકાશદાસજી વિગેરે સંતો તથા અંજાર મંદિરની કાર્યવાહક સમિતીના કોઠારી સામજીભાઈ ધનજી હિરાણી આદી સભ્યો સહયોગ આપ્યો હતો. તથા સાં.યો.મહંત ત્રિવેણીબોન આદી સર્વે સાં.યો.બહેનો તથા મહિલા મંડળ તથા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળના સભ્યોએ ખૂબ સહયોગ આપી આ પ્રસંગને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

**સંત મંડળની વિદાય તથા આવકાર :-** જેઠ સુદ-૩, તા.૧૭-૬-૨૦૨૬ ના રોજ અંજાર શ્રીસ્વામિનારાયણ મંદિરમાં સદ્‌ગુરુ ઉપમહંત સ્વામી ભગવદ્‌જીવનદાસજીનું સ્થાનિક મંડળ એક વર્ષ સુધી મંદિરની સેવા કરી રહ્યું હતું. સમય અવધી પૂર્ણ થતાં મંડળે વિદાય લીધી હતી. ત્યારે સદ્‌ગુરુ ઉપમહંત સ્વામી ભગવદ્‌જીવનદાસજીએ





જણાવ્યું હતું કે, અહીંના હરિભક્તોએ મંદિરની કોઈપણ સેવામાં આગળ રહ્યા છે. તેવી જ રીતે ઠાકોરજીની સેવામાં આવેલ નવા મંડળને પણ આપતા રહે, હવે સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજીના મંડળના સંતો અહીં મંદિરમાં રહી શ્રીઘનશ્યામ મહારાજની સેવા કરી ભક્તોને રાજી કરશે.



આજુબાજુના વિસ્તારોમાં સત્સંગ સભા, ઉત્સવ-ઉજવણી કરશે. હરિભક્તો બંને મંડળના સંતોને ફૂલહાર પહેરાવી વિદાય તથા આવકાર આપ્યો હતો. સવારે હરિભક્તોએ ખૂબ ઉત્સાહથી મોડે સુધી આ પ્રસંગને માણેલ ત્યારબાદ પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

અ - મેહુલભાઈ પ્રવિણચંદ્ર ઠક્કર - અંજાર

## લાઇફ મેનેજમેન્ટ શિબિર - મુંબઇ

ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોની આજ્ઞા અને આશીર્વાદથી મુંબાઈ પ્રદેશમાં શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળની સાત દિવસીય સત્સંગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં યુવાનો-યુવતીઓએ લાભ લીધો હતો.

દરરોજ ૪૦૦ યુવાનો, ૩૫૦ યુવતીઓ અને ૨૦૦ જેટલા બાલ-બાલિકા મંડળના ભક્તજનોએ લાભ લીધો હતો. આ શિબિરમાં ૨૦ સંતો અને ૬ સાં.યો.બહેનો ઉપસ્થિત રહ્યા હતા.




તા.૨૫/૫/૨૬ થી તા.૩૧/૫/૨૬ સુધી સાત દિવસીય સત્સંગ શિબિરના આયોજનમાં મુંબઈમાં ચાલતા યુવક-યુવતી મંડળો પૈકી થાણા, કામોઠા, ખારઘર, પવઈ, આયરોલી, નેરુલ, ગોરાઈ, ગામદેવી, કાંદિવલી, વિલેપાર્લેથી

શુભારંભ તા.૨૫/૫/૨૬ ના રોજ સાંજે યુવાનો સ્વાસ્થ્ય સંધ્યાદિ નિત્યનિયમ કરી, શ્રીઠાકોરજીનો પ્રસાદ લઈ શિબિર સ્થળે શ્રીઠાકોરજી સાથે સંતો પધાર્યા બાદ થાણા સત્સંગ મંડળ, પુ.સ્વામી હરિમુકુંદદાસજી, પુ.સ્વામી



ભક્તવત્સલદાસજી, સ્વામી કપિલમુનિદાસજી આદિ સંતો તથા મુંબઇ પ્રદેશના દરેક યુવક મંડળના સંચાલકના વરદ્‌હસ્તે **"લાઇફ મેનેજમેન્ટ"** શિબિરનું દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શિબિરનું મુખ્ય થીમ કીર્તન **"નરનારાયણ સેવો રે.."** એનું ગાન કરવામાં આવ્યું હતું. દરરોજ શિબિરની શરૂઆત કીર્તન ભક્તિના માધ્યમથી થતી, ભક્તો પોતાના સ્થાને કીર્તન ભક્તિનો આનંદ માણતા.

**શિબિરના મુખ્ય પ્રેઝન્ટેશન :-**

**૧-સ્પિરિચ્યુઅલ (સત્સંગ) મેનેજમેન્ટ** પુ. સ્વામી ભક્તવત્સલદાસજીએ આ વિષયમાં શાસ્ત્ર વાંચન, સંત સમાગમ, નિત્યપૂજા, દૈનિક પ્રાર્થના સાથે હરિભક્તો સમૂહમાં ભોજન-કથાના માધ્યમે સત્સંગ મેનેજ થાય છે.

**૨-ગોલ-લક્ષ્ય નક્કી કરવું :-** પુ.સ્વામી સંતસ્વરૂપદાસજીએ જણાવ્યું હતું કે, લક્ષ્ય રાખવો એ માણસની પ્રગતિનો આધાર છે. જીવનમાં શું ન થાય, કાંઇ પણ અશક્ય નથી, મનુષ્યદેહે કરીને ન થાય એવું શું છે ? નિત્ય સ્વાધ્યાય રાખીએ તો થાય.

**૩-રિલેશન મેનેજમેન્ટ :-** પુ.સ્વામી પરમહંસદાસજીએ પરિવારના સંબંધોને પણ મેનેજ કરવા પડે. એના માટે પરિવારના દરેક સભ્યોએ સમજીને જતું કરતા શીખવું પડે. ઘરના લોકોમાં સત્સંગ, વડીલો સાથે નિખાલસપણું, ભૂલ સ્વીકાર કરવી આદિ સૂત્રો આપીને સુંદર વાત કરી હતી.

**૪-કેરેક્ટર મેનેજમેન્ટ :-** શા.સ્વામી વેદાંતસ્વરૂપદાસજીએ વાત કરી કે સમાજમાં તમારું ચરિત્ર એ વાતથી નક્કી થાય છે કે તમે નબળા ને જરૂરિયાતમંદ લોકો સાથે કેવું વર્તન કરો છો અને સમાજના ઉત્થાનમાં શું ફાળો આપો છો.

**૫-ડમાઇન્ડ મેનેજમેન્ટ :-** શા.સ્વામી









ઘનશ્યામસ્વરૂપદાસજીએ આ વિષયમાં મન બે પ્રકારનું છે. એક જગતમાં લઈ જનારું અને એક આધ્યાત્મમાં જોડનારું. મન જ જીવાત્માનો ખરો સારામાં સારો મિત્ર છે. અને ભયંકરમાં ભયંકર મોટો શત્રુ છે.

**૬-ફાઇનાન્સ મેનેજમેન્ટ :-** સ્વામી કપિલમુનિદાસજીએ સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીના ૧૪૫ માં શ્લોકમાં કરેલી આજ્ઞાને કેન્દ્રમાં રાખીને રૂપિયા કેવી રીતે કમાવા, કેવી રીતે વાપરવા, કેવી રીતે સાચવવા એની સુંદર માહિતી આપી હતી.

**૭-ટાઇમ મેનેજમેન્ટ :-** શા.સ્વામી હરિસ્વરૂપદાસજીએ ટાઈમ મેનેજમાં કહ્યું કે, જે સમયને માન આપે છે, સમય એને માન આપે છે. ખરાબ સમય એક તિજોરી છે, જ્યાંથી સફળતાના હથિયાર મળે છે. ભૂતકાળ એ મૃત્યુ પામેલો છે, ભવિષ્ય ગર્ભમાં રહેલો છે, વર્તમાન એ જ સાચો સમય છે.

**સંતોના આશીર્વાદ :-**

**ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી:-** ઓનલાઈન આશીર્વાદ આપતા કહ્યું કે મુંબઈમાં રહેતા તમામ હરિભક્તોની સત્સંગ પ્રત્યેની શ્રદ્ધા જોઈને ખૂબ આનંદ થાય છે. તમે સત્સંગ માટે જે સંતો સાથે રહીને મહેનત કરો છો, વિશેષ કરતા રહો નો સ્વામિનારાયણ ભગવાનો શ્રીનરનારાયણદેવ આપ્યા છે એના થઈને રહેજો.

**પુ.સ્વામી શાંતિપ્રિયદાસજી :-** સ્વામિનારાયણ ભગવાને જે નરનારાયણદેવ આપ્યા છે, તેની દૃઢ નિષ્ઠા રાખજો. જેમ મા બાળકની તમામ જવાબદારી લે તેમ ભગવાન આપણી જવાબદારી લેશે. એમ રામાયણમાં ભગવાન શ્રીરામે કીધું છે.

**પુ.સ્વામી હરિમુકુંદદાસજી :-** યુવક મંડળના સંતોએ મુંબઈ આવીને આ શિબિરમાં સરસ વિષયો પર વાત કરી. આ શિબિરમાંથી ઘણું બધું મને પણ શીખવા મળ્યું છે. તમે બધા યાદ

રાખજો તો જીવન મેનેજ થઈ જશે.

**પુ.સ્વામી જયકૃષ્ણદાસજી :-** જો સત્પુરુષના સાંનિધ્યમાં રહેવામાં આવે તથા નિરંતર સંગ થાય તો જીવાત્મા હરામી દુશ્મનથી બચી શકે અને રાજા બનીને નિર્ણય કરવાની ક્ષમતા આવી શકે છે.

**પુ.સ્વામી ધ્યાનસ્વરૂપદાસજી :-** તમે મુંબઈમાં પણ બધા સાથે મળીને આ શિબિરનું આયોજન યુવાનો સાથે મળીને કર્યું. એ સત્સંગના મહિમા વિના થતું નથી. કાયમને માટે આવો મહિમા રાખજો.

**પુ.સ્વામી કુંજવિહારીદાસજી :-** આ શિબિરમાંથી આપણે શીખવાનું છે કે કોઈપણ કાર્યમાં બગડી ગયેલું હોય તેને સુધારવાનું ખરાબ ન થાય તેની સાવધાની રાખવાની. આપણે છીએ ત્યાંથી આગળ વધવાનું છે.

**પુ.સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી :-** માનવ જીવનમાં મુશ્કેલી તો આવશે પણ કયારેય હિંમત ન હારવી. કારણ કે હું આ કરી જ શકું છું એવો વિશ્વાસ જ સફળતાની ચાવી છે.

**પુ.સ્વામી નિર્ભયસ્વરૂપદાસજી :-** ભગવાને કૃપા કરીને સત્સંગી પરિવારમાં જન્મ



આપ્યો છે, તો આપણે એનાથી દૂર ન થઈ જઈએ એના માટે આ સંતો મહેનત કરી રહ્યા છે.

**-: યુવતી મંડળની શિબિર :-**

કચ્છ શ્રીનરનારાયણદેવ યુવતી મંડળની શિબિર તા.૨૫ થી ૩૧ મે ૨૦૨૬ દરરોજ સાંજે ૫ વાગ્યાથી ૭ વાગ્યા સુધી ચાલતી હતી. જેમાં રાપરથી પધારેલા સાં.યો.બહેનો દ્વારા સ્વામિનારાયણ ભગવાનના ચરણારવિંદના સોળ ચિહ્ન વિશે પી.પી.ટી. દ્વારા સરસ સમજાવ્યું હતું. રાપર મહિલા મંદિરના મહંત સાં.યો.રમિલાબેન, સાં.યો.હંસાબેન, સાં.યો.વિદ્યાવતીબેન આદિ સાં.યો.બહેનો રૂડા આશીર્વાદ આપ્યા હતા. દરરોજ અલગ અલગ રમતો-પ્રશ્નોત્તરી વિગેરે દ્વારા બહેનોને સત્સંગનો લાભ આપ્યો હતો.



**-: બાલ શિબિર :-**

તા.૨૯ થી ૩૧ મે ૨૦૨૬ ત્રણ દિવસ બાલ શિબિરનું આયોજન સંતો દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ૨૦૦ થી વધારે બાળકો અને બાલિકાઓએ ભાગી લીધો હતો. સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી, સ્વામી સંતસ્વરૂપદાસજી, સ્વામી કુંજવિહારીદાસજી આદિ સંતોએ પ્રેઝન્ટેશન દ્વારા સંસ્કાર, માતાપિતા પ્રત્યેનો આદરભાવ સત્સંગ દ્વારા શીખવાડ્યું હતું.



સાથે વિવિધ રમતો રમાડી, ઈનામો આપી બાળકોને આનંદિત કર્યા હતા.





**અધિકમાસ પાટોત્સવ :-** શિબિર અંતર્ગત તા.૩૦ મે ૨૦૨૬ શનિવાર, અધિક જેઠ સુદ-૧૪ ના સત્સંગ ભવનમાં બિરાજમાન શ્રીઠાકોરજીનો પાટોત્સવ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. જેમાં શ્રીઠાકોરજીનું સર્વમંગલ નામાવલિના ૧૦૦૦ નામોથી તુલસીપત્ર વડે પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શ્રીઠાકોરજીનો પુષ્પાભિષેક કરવામાં આવ્યો હતો. સાં.યો.બહેનો દ્વારા શ્રીહરિકૃષ્ણમહારાજનો કેસરજળથી અભિષેક કર્યા પછી શ્રીઠાકોરજી સમક્ષ બહેનો ભક્તો દ્વારા ઘરે બનાવીને વિવિધ વાનગીઓના થાળ લાવ્યા તેનો અન્નકૂટ ધરવામાં આવ્યો હતો.

**કેરી ઉત્સવ :-** તા.૨૯ મે ૨૦૨૬ શુક્રવારના દિવસે શ્રીઠાકોરજી સમક્ષ ૩૦૦ કિલો કેરી ધરાવવામાં આવી હતી. બાદમાં આરતી કરીને બીજા દિવસે કેરીનો રસ કરી સૌ હરિભક્તોને પ્રસાદ જમાડવામાં આવ્યો હતો.

**રાસોત્સવ :-** તા.૩૦ મે ૨૦૨૬ શનિવારના દિવસે રાસોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંગીતના સથવારે ગાયક જયેશ જેશાણી સુંદર ભગવદ્ કીર્તનો સાથે રાસ રમાડ્યો હતો. જેમાં સંતો-હરિભક્તો અને બહેનોના વિભાગમાં સાં.યો.બહેનો સાથે બહેનો અને બાલિકાઓ બહોળી સંખ્યામાં રાસ રમીને આનંદ માણ્યો હતો.

**લીચી ઉત્સવ :-** તા.૩૧ મે ૨૦૨૬ રવિવારે એક હરિભક્તના સંકલ્પથી આ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બીજા ભક્તો સેવા કરી ૩૦૦ કિલો લીચીથી શ્રીઠાકોરજીનું સિંહાસન શણગારવામાં આવ્યું ને શ્રીઠાકોરજીને ધરાવવામાં આવી ત્યારબાદ આરતી કરી, લીચીનો પ્રસાદ યજમાનશ્રીઓ, શિબિરાર્થી ભક્તોને વહેંચવામાં આવ્યો હતો.

**સહજાનંદ મ્યુઝીકલ મોજ :-** શિબિરના અંતિમ દિવસે કીર્તન ગાન સાથે શિબિરાર્થીઓને રમતો રમાડીને વિજેતાઓને ઈનામ આપવામાં આવ્યા હતા.

શ્રીઠાકોરજીના થાળ આદિની સેવામાં સ્વામી બાલમુકુંદદાસજી, સ્વામી જયહરિદાસજી, સ્વામી ભક્તિવલ્લભદાસજી, પાર્ષદ મયુર ભગત આદિ સંતો-ભક્તો રહ્યા હતા. તેમજ હરિભક્તોના રસોડાની સેવામાં પ્રદીપભાઈ, બાબુભાઈ, ગણેશભાઈ સાથે યુવક-યુવતી મંડળના સભ્યોએ ભાવથી સેવા કરી હતી.

લાઈફ મેનેજમેન્ટ શિબિરનું આયોજન સફળ બનાવવામાં સ્વામી શ્યામકૃષ્ણદાસજી, મેઘજીભાઈ રાવરીયા, મહેશ સાંઢા, ઘનશ્યામ રાવરીયા, પંકજ આરેઠીયા આદિ યુવાનો અને યુવતી મંડળના સભ્યો જોડાયા હતા.

સંપૂર્ણ શિબિરનું સંચાલન સ્વામી કપિલમુનિદાસજી તથા સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ કર્યું હતું.

અ - સ્વામી શ્યામકૃષ્ણદાસજી

## શ્રીસ્વામિનારાયણ સત્સંગ ભવન - થાણા

**અધિકમાસ સમૂહ મહાપૂજા :-** શ્રીસ્વામિનારાયણ સત્સંગ ભવન થાણા દ્વારા પવિત્ર પુરુષોત્તમ માસની અધિક જેઠ વદ કમલા એકાદશીના દિવસે સમૂહ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૫૨ થી વધારે



ભાઈઓ-બહેનોએ લાભ લીધો હતો. રાપરથી પધારેલા સાં.યો.બહેનોએ પણ મહાપૂજાનો લાભ લીધો હતો. મહાપૂજા થાણા સત્સંગ ભવનના સંચાલક પુ.સ્વામી હરિમુકુંદદાસજી અને સ્વામી બાલમુકુંદદાસજીએ કરાવી હતી. અંતમાં કો.સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ મહાપૂજાનો મહિમા, પુરુષોત્તમ માસનો મહિમા કહી ને આગળના ઉત્સવોની ભલામણ કરી હતી. જેની તૈયારીમાં કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળના સભ્યો જોડાયા હતા. અંતમાં સૌ ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો.

અ - મહેશ સાંઢા (સેવાદળ મંત્રી)

**પુરુષોત્તમ માસ ઉદ્યાપન :-** શ્રીસ્વામિનારાયણ સત્સંગ ભવન થાણા દ્વારા પવિત્ર પુરુષોત્તમ માસના સમાપન દિવસે અધિક જેઠ વદ અમાસ સોમવતી અમાસના દિવસે માલપુવા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભગવાન વેદવ્યાસજીએ બૃહન્નારદીયપુરાણમાં પુરુષોત્તમ માસનો ખૂબ મહિમા લખ્યો. જેમાં ભગવાનનું ભજન, વ્રત, તપ, સ્નાનનો મહિમા છે. તેના ઉદ્યાપનમાં કાંસાના પાત્રમાં માલપુવા અર્પણ કરવા. એ ન્યાયે થાણામાં રહેતા સૌ ભક્તોએ સાથે મળીને ઉદ્યાપન નિમિત્તો ભગવાન આગળ માલપુવા ઉત્સવ કર્યો હતો. સંતોએ જાતે માલપુવા બનાવ્યા નો શ્રીઠાકોરજીનો ધરાવવામાં આવ્યા હતા. ત્યારબાદ આરતી કરવામાં આવી હતી. રાત્રે સત્સંગ સભામાં



પુ.સ્વામી હરિમુકુંદદાસજીએ વચનામૃતના માધ્યમથી કથા સંભળાવી હતી. ત્યારબાદ સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ પુરુષોત્તમ માસના મહિમાની વાત કરીને ભગવાનને વિશે નિષ્ઠાવાન થાશું તો ભગવાન આપણી મદદ કરશે. બાદ કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળ બૃહદ્ મુંબઈ દ્વારા આયોજિત લાઈફ મેનેજમેન્ટ શિબિરમાં સેવા કરનારા યુવાનો-યુવતીઓને ભુજ શ્રીનરનારાયણદેવનું કેસરજળ સ્નાનનું પીતાંબર તેમાંથી તૈયાર કરેલી શ્રીનરનારાયણદેવની મૂર્તિઓ શિબિરની સ્મૃતિરૂપે સૌ યુવાનોને સંતોના વરદ્‌હસ્તે તથા યુવતીઓને સાં.યો.બહેનોના વરદ્‌હસ્તે આપવામાં આવી હતી. અંતે સૌ ભક્તો મહાપ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

આ માલપુવા ઉત્સવનું આયોજન ને તૈયારી સ્વામી બાલમુકુંદદાસજી તથા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યવતી મડંળના સભ્યો જોડાયા અને સફળ બનાવ્યો હતો.

અ - મેઘજીભાઈ રાવરીયા
(યુવક મંડળ સંચાલક)

## શ્રીરામ કથા શિવાઇ નગર (થાણા)

શ્રીસ્વામિનારાયણ ભગવાન, શ્રીરામચંદ્ર ભગવાનની અહૈતુકી કૃપાથી ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ સંતોના રૂડા આશીર્વાદથી શિવાઈ નગર થાણા મુંબઈમાં રામકથા ધામધૂમપૂર્વક સંપન્ન થઈ.

શ્રીલેઉવા પાટીદાર શ્રીરામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રીરામ મંદિરના દ્વિતીય વાર્ષિક પાટોત્સવ અને પવિત્ર પુરુષોત્તમ માસના ઉપક્રમે ગોસ્વામી તુલસીદાસજી રચિત રામ ચરિત માનસની પાંચ દિવસની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે પુ.સ્વામી ભક્તાવત્સલદાસજી અને પુ.સ્વામી શ્યામકૃષ્ણદાસજી રહી, મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ ભગવાનના ચરિત્રોની કથા સંભળાવી હતી. કથા અંતર્ગત ઉત્સવોમાં રામ જન્મોત્સવ, રામવિવાહ, ચરણપાદુકા પૂજન, રામ રાજ્યાભિષેક વિગેરે ઉત્સવો ખૂબ ધામધૂમથી ઉજવાયા હતા. આ કથા દરમિયાન સંતોની ઉપસ્થિતિમાં સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, થાણા સત્સંગ ભવનના સંચાલક પુ.સ્વામી હરિમુકુંદદાસજી, પુ.સ્વામી



જયકૃષ્ણદાસજી, સ્વામી કપિલમુનિદાસજી, શા.સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી, સ્વામી જયહરિદાસજી, સ્વામી બાલમુકુંદદાસજી, સ્વામી ભક્તિવલ્લભદાસજી, પાર્ષદ મયુર ભગત વિગેરે પધાર્યા હતા.

તા.૪ જૂન ૨૦૨૬ ગુરુવારના રાત્રે વિશેષ સત્સંગ સભામાં સ્વામી કુંજવિહારીદાસજીએ **'સંગ તેવો રંગ'** એ વિષય ઉપર પ્રેઝન્ટેશનના માધ્યમથી સુંદર વાત કરી. બાદમાં સ્વામી હરિસ્વરૂપદાસજીએ આશીર્વાદ આપ્યા હતા.

તા.૫ જૂન ૨૦૨૬ શુક્રવારના વિશેષ બહેનો માટે સભાનું આયોજન કરાયું હતું. જેમાં રાપરથી પધારેલા સાં.યો. બહેનો દ્વારા 'હરિ




ભજતા મોટપ પામે' એ વિષય ઉપર પ્રેઝન્ટેશનના માધ્યમથી ભગવાન ભજવામાં આઠ પ્રકારની મોટપ મળે છે. અંતમાં સાં.યો.બહેનોએ આશીર્વાદ આપ્યા હતા.

આ રામકથાને સફળ બનાવવામાં થાણા સત્સંગ ભવન સંભાળતા સંતો, કથા પ્રસંગે ભુજથી પધારેલા સંતો તથા શ્રીરામ મંદિરના પ્રમુખ વીરજીભાઈ રવજી રાવરીયા આદિ ટ્રસ્ટી મંડળ તથા સ્થાનિક ભક્તો જોડાયા હતા.

અ - હરજીભાઈ ગામી

## મુન્દ્રામાં યોજાયેલ પખવાડિક વૈદિક યાગ

મુન્દ્રાની પૂર્વની ભાગોળે આવેલા શ્રીસ્વામિનારાયણ મંદિરે અ.નિ. સાં.યો. નાનબાઈફઈની પુણ્યસ્મૃતિ નિમિત્તે આયોજીત પખવાડિક શ્રીવિષ્ણુસહસ્રનામ જપાત્મક વૈદિક યાગ અનુષ્ઠાન આધ્યાત્મિકા, વૈદિક સંસ્કૃતિ અને વ્યક્તિત્વ વિકાસનું જીવંત પ્રેરણા કેન્દ્ર બન્યું હતું. આ પવિત્ર યાગમાં મુન્દ્રા નગર, પટેલ ચોવિસી, કંપાલા, ઓસ્ટ્રેલિયા તેમજ મુન્દ્રામાં વસતા પરપ્રાંતીય હિન્દી ભાષી હરિભક્તો સહિત અંદાજે ૨૫૧ થી વધુ સાધકો અને હરિભક્તોએ આહુતિ અર્પણ કરીને સહભાગિતા નોંધાવી હતી.

વૈદિક પરંપરા મુજબ ઘાસ, વાંસ અને દેશી ગાયના પંચગવ્યો વડે નિર્મિત યજ્ઞશાળામાં પંચકુંડી યજ્ઞવેદી સ્થાપિત કરવામાં આવી હતી. યજ્ઞશાળાની આસપાસ તુલસીવન, ગૌશાળા, પ્રાણપ્રતિષ્ઠિત દિવ્ય મૂર્તિઓ તથા સંતોના સાંનિધ્યથી દિવ્ય અને સાત્ત્વિક વાતાવરણ સર્જાયું હતું. વૈદિક મંત્રોચ્ચાર, ભક્તિભાવ અને સાત્ત્વિક



ભોજન વચ્ચે નિત્ય પાંચ કલાક સુધી ૧૫ યુગલ સાધકો દ્વારા મંત્રજાપ અને યાગસાધના કરવામાં આવતી હતી. દરેક સાધક દૈનિક અંદાજે ૩૦૦૦ આહુતિ અર્પણ કરતો હતો. આ રીતે સમગ્ર પખવાડિયામાં વિશાળ સંખ્યામાં સાધકો યાગસાધનાથી આધ્યાત્મિક રીતે

લાભાન્વિત થયા હતા.

મુન્દ્રાના સત્સંગીઓ યાગનો અનુભવ કર્યા બાદ આશરે ૫૦ જેટલા સાધકો સાથે સંવાદ, અવલોકન અને વર્તન અભ્યાસ દ્વારા પંચકોશાત્મક વ્યક્તિત્વ વિકાસ ઉપર યાગની અસરો અંગે અભ્યાસ હાથ ધર્યો હતો. આ અભ્યાસમાં પ્રાપ્ત થયેલા તારણો સૌનું ધ્યાન આકર્ષિત કર્યું હતું.



ભારતીય ઋષિ પરંપરામાં પંચકોશાત્મક વ્યક્તિત્વ વિકાસની કલ્પનાનો મુખ્ય ઉલ્લેખ તૈત્તિરીય ઉપનિષદની બ્રહ્માનંદવલીના અનુવાક ૧ થી ૬ માં કરવામાં આવ્યો છે. આ ઉપરાંત વેદાંતસાર, વિવેકચુડામણિ, યોગવશિષ્ઠ, ભગવદ્‌ગીતા, યોગશાસ્ત્ર, પ્રાચીન ભારતીય શિક્ષણ દર્શન તેમજ રાષ્ટ્રીય શિક્ષણ નિતિ-૨૦૨૦ માં પણ સર્વાંગી વ્યક્તિત્વ વિકાસ માટે પંચકોશ આધારિત અભિગમને મહત્ત્વ આપવામાં આવ્યું છે.



મુન્દ્રામાં યોજાયેલ આ ઐતિહાસિક શ્રીવિષ્ણુસહસ્રનામ જપાત્મક યાગના અભ્યાસમાં સહભાગી સાધકોમાં ૭૦ ટકા કરતાં વધુ સકારાત્મક પરિવર્તનો નોંધાયા હોવાનું જાણવા મળ્યું હતું. અભ્યાસ દરમિયાન નીચે મુજબની નોંધપાત્ર અસરો સામે આવી હતી.

**૧.અન્નમય કોષ (શારિરીક શક્તિ):-** શરીરમાં થાકમાં ઘટાડો નોંધાયો, ગાઢ અને શાંતિપૂર્ણ નિદ્રાનો અનુભવ થયો, યજ્ઞશાળાની ૨૫ પ્રદક્ષિણા સહજતાથી ફરી શકાય તેવી શક્તિ અનુભવાઈ, કાર્યક્ષમતા અને દૈનિક ઊર્જામાં વધારો થયો.

**૨.પ્રાણમય કોષ (પ્રાણશક્તિ) :-** મનમાં નવી સ્ફૂર્તિ અને તાજગી અનુભવાઈ, શ્વાસની ગતિ વધુ સ્થિર અને શાંત બની, તણાવમાં ઘટાડો અનુભવાયો, મંત્રોચ્ચાર દરમિયાન આંતરિક ઊર્જા અને ચૈતન્યનો અનુભવ થયો.

**૩.મનોમય કોષ (માનસિક શક્તિ) :-** મનમાં શાંતિ અને સ્થિરતા અનુભવાઈ, ક્રોધ ઉપર નિયંત્રણમાં સહાય મળી, મનની ચંચળતા ઓછી થઈ, ભક્તિભાવ અને આધ્યાત્મિકતા પ્રત્યે ઝુકાવ વધ્યો.

**૪.વિજ્ઞાનમય કોષ (બૌદ્ધિક શક્તિ) :-** આધ્યાત્મિક જિજ્ઞાસામાં વધારો નોંધાયો, ભારતીય વૈદિક પરંપરા અને સંસ્કૃતિ પ્રત્યે શ્રદ્ધા મજબૂત બની, મંત્રવિજ્ઞાન અને યજ્ઞવિજ્ઞાન જાણવામાં રસ જાગ્યો, શાસ્ત્રીય વિષયો પ્રત્યે અભ્યાસવૃત્તિમાં વધારો થયો, જીવનને વધુ સકારાત્મક દૃષ્ટિકોણથી જોવાની પ્રેરણા મળી.



૫.આનંદમય કોષ (આત્મિક આનંદ) :- આંતરિક પ્રસન્નતા અને આત્મિક આનંદનો અનુભવ થયો. સાધના દરમિયાન અલૌકિક શાંતિની અનુભૂતિ થઈ. સેવાભાવ અને સમર્પણની ભાવના જાગૃત થઈ, સંતોના સાંનિધ્યમાં આત્મિયતા અને આધ્યત્મિક સંતોષનો અનુભવ થયો, ભક્તિ અને મંત્રજાપ દરમિયાન અંતરંગ આનંદની અનુભૂતિ થઈ.

અભ્યાસ દરમિયાન કેટલીક રસપ્રદ અને ચિંતન પ્રેરક વિગતો પણ જાણવા મળી હતી. અને સાધકો માટે સતત પાંચ કલાક સુધી મોબાઈલ અને કોઈપણ પ્રકારના વ્યસન વિના પગવાળીને બેસવું શરૂઆતમાં અત્યંત કઠીન લાગ્યું હતું, પરંતુ અનુષ્ઠાનના અંત સુધીમાં તેઓએ તેમાં સહજતા અને માનસિક સ્થિરતાનો અનુભવ કર્યો હતો.

યાગમાં સ્વયંની શારીરિક ક્ષમતાનું મૂલ્યાંકન કરવાની તક મળી. સ્થાન ઉપર દેહશુદ્ધિ અને જનોઈ ધારણ કરવાની વૈદિકવિધિમાં સહભાગી બનતા આશ્ચર્ય સાથે આધ્યાત્મિક આનંદની અનુભૂતિ થઈ હતી. ઘણા સાધકોએ રાત્રી સત્રમાં થતી શ્રીરામ કથા પ્રથમ વખત સમજણપૂર્વક શ્રવણ કરવાનો લાભ મેળવ્યો હતો. યજ્ઞશાળામાં દેશી ગાયના પંચગવ્યોનો ઉપયોગ, તેનું વૈદિક અને વૈજ્ઞાનિક મહત્ત્વ તથા તેની વ્યવહારિક અસર પ્રથમ વખત નજીકથી જોવા મળી હતી. કેટલાક સાધકોને તો દેવ, દેશ અને દેહ વિશે વધુ જાણવાની ઉત્કંઠા જાગી હતી. સંતો અને સાં.યો.બહેનો દ્વારા વર્ણવાયેલા યાગ મહિમાના પ્રસંગો અને અનુભવોને સાધકો સાનંદ અનુભૂતિ સાથે આત્મસાત કર્યા હતા. તો જે હરિભકતોને યાગમાં બેસવાની પ્રતિકુળતા હતી તેમાંથી કેટલાક તો યજ્ઞશાળાની નિત્ય ૧૦૮ પ્રદક્ષિણા કરીને કે નિત્ય દર્શન કરીને યાગ સેવા કરીને ધન્યતા અનુભવી હતી.

સાધકોના અનુભવ અને અભ્યાસના તારણોને આધારે એવું સ્પષ્ટ બન્યું હતું કે વૈદિક યાગ, મંત્રજાપ, સાત્ત્વિક જીવનશૈલી અને સંતોના સાંનિધ્ય દ્વારા વ્યક્તિના શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવી શકાય છે.

મુન્દ્રામાં યોજાયેલ આ પખવાડિક વૈદિક અનુષ્ઠાન આધુનિક યુગમાં ભારતીય ઋષિ પરંપરાની વૈજ્ઞાનિકતા અને જીવનોપયોગિતાનું પ્રેરણાદાયી ઉદાહરણ બની રહ્યું છે. યાગના પ્રમુખ આચાર્ય તરીકે છોટે કાશી સમાન ઉમરેઠના શાસ્ત્રી મિતુલભાઈ શુક્લ રહ્યા હતા.

અ - કેશુભાઈ મોરસાણિયા - મુન્દ્રા

# પવિત્ર અધિકમાસમાં કચ્છમાં ગૌવંશ માટે યોજાયો અનોખો 'વેદલક્ષણા ગો યાગ'

દેશી ગાયના વિષયે સમગ્ર ભારતની વાત કરીએ તો સૌથી વધુ ગૌવંશ ધરાવતો આપણો કચ્છ જિલ્લો છે. અને કચ્છની પવિત્ર ધરતી પર સંવત ૨૦૮૨ અધિક જેઠ વદ-૧ થી ૮, દિનાંક ૧ થી ૮ જૂન ૨૦૨૬ દરમિયાન કચ્છમાં સૌ પ્રથમવાર માત્ર ગૌવંશને કેન્દ્રમાં રાખીને ગામ કેરાની બાજુમાં ગૌસેવા ગતિવિધિ-સૌરાષ્ટ્ર પ્રાંત, શ્રીગોરસીયા સેવા ફાઉન્ડેશન-બળદિયા અને શ્રીગિરધરભાઈ પિંડોરીયા-માધાપર (હાલે-ટાન્ઝાનીયા) દ્વારા ગોરસીયા ફાઉન્ડેશન સંચાલિત નિરણ કેન્દ્ર (વી.ક્રોક્રિટ) ખાતે એક ભવ્ય અને અનોખા 'વેદલક્ષણા ગો યાગ'નું આયોજન કરવામાં આવ્યું હતું.



આ યજ્ઞનું મુખ્ય હેતુ લમ્પી રોગચાળામાં અકાળે મૃત્યુ પામેલી અસંખ્ય ગાયોની આત્માની શાંતિ, ગૌવંશની સુખાકારી, સંરક્ષણ, સંવર્ધન તેમજ પ્રકૃત્તિની રક્ષા અને પર્યાવરણની શુદ્ધિ સાથે સમાજમાં ગાયોનું મહત્ત્વ પુનઃસ્થાપિત થાય તે માટે આ અદ્‌ભુત કાર્ય હાથ ધરાયું હતું.

આ યજ્ઞની સૌથી મોટી વિશેષતા તેનો યજ્ઞમંડપ હતો. શાસ્ત્રોક્ત પદ્ધતિને અનુસરીને ૧૦૦ ફૂટ લાંબો, ૧૦૦ ફૂટ પહોળો અને ૬૦ ફૂટ ઊંચો અને ભવ્ય મંડપ તૈયાર કરવામાં આવ્યો હતો. જેનાં નિર્માણમાં લોખંડની એકપણ ખીલી કે સામગ્રીનો ઉપયોગ કરવામાં નહોતો આવ્યો. સંપૂર્ણ મંડપ વાંસ, લાકડા અને નારિયેળના છોતરામાંથી બનેલી સુતળી અને કંતાન વડે બાંધીને ઊભો કરાયો હતો. આ ઉપરાંત યજ્ઞશાળાની પરિક્રમા સહિતની સંપૂર્ણ ભૂમિને ગૌમૂત્ર અને ગોબર (ગાયના છાણ)થી લીંપીને પવિત્ર કરવામાં આવી હતી.

આ સાત દિવસીય મહાયજ્ઞમાં કુલ્લ ૯ હવનકુંડ બનાવવામાં આવ્યા હતા. જેમાં ૮ નાના અને ૧ મુખ્ય મોટો હવનકુંડ હતો. કચ્છના ૧૮ ઉત્સાહી યુગલોએ આ યજ્ઞમાં આહુતિ આપી હતી. યજ્ઞમાં બેસતા પહેલાં તમામ યુગલોની શાસ્ત્રોક્તવિધિથી દેહશુદ્ધિ કરવામાં આવી હતી. યજ્ઞ દરમિયાન દરેક યુગલઓએ અત્યંત કડક નિયમો જેવાં કે બ્રહ્મચર્યનું પાલન, વાળ કે નખ ન કાપવા, રાત્રે ભૂમિ શયન (જમીન પર સૂવું), સવારથી સાંજ સુધી ફળાહાર કરવો (ચા પણ ન પીવી) અને માત્ર સાંજ જ ભોજન લેવું વિગેર નિયમોનું ચુસ્તપણે પાલન કરાયું હતું.

યજ્ઞના મુખ્ય આચાર્ય તરીકે ગો ભક્ત અને કથાકાર શાસ્ત્રીશ્રી જયદીપભાઈ વ્યાસ અને ૪ વેદપાઠી સહિત કુલ્લ ૩૮ પવિત્ર બ્રાહ્મણો દ્વારા હવનમાં ૩૦૦ કિલો દેશી ગાયનું શુદ્ધ ઘી, પવિત્ર કાષ્ઠ સહિત અન્ય હવન સામગ્રીઓ સાથે સવાલાખ આહુતિઓ અને નિરંતર ગોસુક્ત અને ચતુર્વેદ પારાયણના પાઠ કરવામાં આવ્યા હતા.

યજ્ઞ પ્રદક્ષિણાની ફરતે ૧ નંદી મહારાજ અને ૨૦ ગાયો સાથે સાતેય દિવસ પવિત્ર ગોવંશનું સાંનિધ્ય રહ્યું હતું. યજ્ઞના દર્શને આવતા હજારો ધર્મપ્રેમી ભાઈઓ-બહેનો નિરંતર



યજ્ઞમાં પધારેલા દરેક ભક્તો અને દર્શનાર્થીઓ માટે ખાસ ગૌ આધારિત ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. કુલ્લ ૨૦ હજાર જેટલા લોકોએ જેવો લાભ લીધેલ, તે ભોજન પ્રસાદમાં માત્ર ગાયના દૂધ, દહીં, છાશ અને શુદ્ધ ઘી નો જ ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમજ છાણ-મૂત્ર આધારિત ખેતી (Natural Farming) દ્વારા ઉગાડવામાં આવેલા ધાન્ય અને કઠોળનો જ રસોઈમાં ઉપયોગ કરાયો હતો. જેથી નવી પેઢી ગૌ આધારિત કૃષિ અને તેનાથી ઉત્પાદન થયેલ સાત્ત્વિક અને પવિત્ર આહારનું મહત્ત્વ સમજી શકે.

**"શ્રીસુરભ્યૈ નમઃ"**ના જાપ સાથે આ ગૌવંશની પ્રદક્ષિણા (પરિક્રમા) કરીને પુણ્ય કમાયા હતા. આ ઉપરાંત આ સંકુલમાં લખપત, અબડાસા અને બન્નીના વિસ્તારોમાંથી ભર ઉનાળમાં ઘાસચારો અને પાણીના અભાવે સ્થળાંતર કરીને અંદાજે ૪૫૦૦ જેટલી ગાયોનો નિભાવ કરવામાં આવે છે. તેના દર્શનનો પણ સૌ ભાવિકોએ લાભ લીધો હતો.

ભુજ મંદિરના મહંત પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદ સાથે આ યજ્ઞના દર્શને સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ પુરાણી સ્વામી શ્રીહરિદાસજી, સદ્‌ગુરુ સ્વામી માધવપ્રસાદદાસજી, સદ્‌ગુરુ કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સદ્‌ગુરુ કોઠારી સ્વામી ગોલોકવિહારીદાસજી, શા.સ્વામી સૂર્યપ્રકાશદાસજી, પુ.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી સહિત અનેક સંતો તથા અનેક ગામના સાં.યો.બહેનોએ પણ આ યજ્ઞના દર્શન સાથે માત્ર ગાયને કેન્દ્રમાં રાખીનો થયેલ આ અલૌકિક આયોજન જોઈને ખૂબ જ પ્રસન્ન થયા હતાં.

આ યાગમાં પ્લાસ્ટિક અને એલ્યુમિનિયમના સંપૂર્ણ નિષેધ સાથે ભોજન બનાવવા સ્ટીલ, લોખંડ અને ત્રાંબાના અને જમવામાં પણ સ્ટીલની થાળી, વાટકા અને વાસણનો જ ઉપયોગ કરાયો હતો.

છેલ્લા દિવસે રાત્રે એક વિશેષ **"ગૌ મહિમા સત્ર"** માં ગૌ સેવા ગતિવિધિના અખિલ ભારતીય પ્રશિક્ષણ પ્રમુખશ્રી કે.એન. રાઘવનજીએ ગાયનું વેદ આધારિત ધાર્મિક અને



વૈજ્ઞાનિક મહત્ત્વ સમજાવતું ઊંડા અભ્યાસ સાથેનું અદ્‌ભુત પ્રવચન આપેલ હતું.

ગો સેવા ગતિવિધિના સૌરાષ્ટ્ર પ્રાંતના સંયોજક મેઘજીભાઈ હિરાણી, તપોવન ગુરુકુળના સંચાલક શા.સ્વામી દેવચરણદાસજી અને મુખ્ય યજમાનપદે ગોરસીયા બંધુશ્રી જાદવજીભાઈ અને પરબતભાઈ તથા ગિરધરભાઈ સહિત યજ્ઞની મુખ્ય આયોજન સમિતિના માર્ગદર્શન હેઠળ યોજાયેલો આ ‘વેદ લક્ષણા ગો યાગ’ માત્ર એક ધાર્મિક પ્રસંગ ન રહેતા, કચ્છ અને સમગ્ર ગુજરાત માટે ગૌ-સંસ્કૃતિના જાગરણનું એક મોટું માધ્યમ બન્યો હતો.

યજ્ઞના માધ્યમથી પ્રકૃત્તિ, પર્યાવરણ અને ગૌમાતાના જતનનો આ અનોખો સંદેશ લાંબા સમય સુધી લોકોના મનમાં પ્રેરણા જગાડતો રહેશે. એવું શ્રીસ્વામિનારાયણ મંદિર પ્રેરિત ગાય ખેતી અભિયાન અને ગો સેવા ગતિવિધિ-સૌરાષ્ટ્ર પ્રાંતના પ્રચાર-પ્રસાર સંયોજક રામજીભાઈ વેલાણીએ જણાવ્યું હતું.

## એક શાળા એવી કે જ્યાં વિદ્યાર્થીઓએ ૧૦૦૦૦ વૃક્ષોનું જતન કરીને પર્યાવરણ દિવસ મનાવે છે



કચ્છમાં શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર ખાતે પર્યાવરણ દિવસ નિમિત્તે શ્રીઘનશ્યામ એકેડમી અને શ્રીઘનશ્યામ વિદ્યાલય શાળાના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર થયેલ શ્રીઘનશ્યામ સ્મૃતિવનમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં ગુરુકુળ સંચાલક સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી, શાળાના આચાર્યશ્રી,



શિક્ષકો અને સર્વે વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

નારાણપર ગુરુકુળના વિદ્યાર્થીઓ દ્વારા ‘એક બાળ એક વૃક્ષ અભિયાન’, ‘એક પેડ માં કે નામ’ હેઠળ નારાણપર નજીક સ્મૃતિવનમાં ૧૦૦૦૦ થી પણ વધારે વૃક્ષોનું વાવેતર કરીને એનું જતન કરવામાં આવી રહ્યું છે. જેમાં વિદ્યાર્થીઓ પોતાના જન્મદિવસ નિમિત્તે અથવા કોઈ ખાસ પ્રસંગને યાદગાર બનાવવા માટે એક વૃક્ષને દત્તક લઈ વૃક્ષોની સંપૂર્ણ જવાબદારી લઈને તેનું જતન કરે છે.

આ સ્મૃતિવનમાં ખાસ કરીને વિલુપ્ત થતા એવા ગુગળ, વડ, પીપળો, મહુડો, અર્જુન, સાદળ અને વિવિધ ફળ-ફૂલ અને દેશી વૃક્ષો ઉછેરવામાં આવે છે. પર્યાવરણ સંરક્ષણ અંતર્ગત પ્લાસ્ટીકનું પણ શાળા પરિસરમાં સંપૂર્ણ નિષેધ કરવામાં આવે છે. આ કાર્ય બદલ શાળા પરિવાર વતી વિદ્યાર્થીઓને પર્યાવરણ રક્ષક એવોર્ડ આપીને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

## શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપરની શાળામાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ એકેડમી (C.B.S.E- અંગ્રેજી માધ્યમ) અને શ્રીઘનશ્યામ વિદ્યાલય (ગુજરાતી માધ્યમ)ની બંને શાળામાં ૨૦ જૂનના દિવસે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગાચાર્ય હેમાબેન ભટ્ટ અને ભાવિશાબેન આચાર્યશ્રી પંકજ રાજગોર દ્વારા યોગના અભ્યાસકીય ફાયદા જણાવીને નિયમિત રીતે દિનચર્યામાં યોગને સ્થાન આપવા માટે જણાવ્યું હતું.

આ કાર્યક્રમ શાળાના યોગ શિક્ષક અર્જુનસિંઘ, રજનીશ હિરાણી, ભાવિકાબેન લાછાણીના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. જેમાં



કેવડીયા દ્વારા શાળાના વિદ્યાર્થીઓને વિવિધ યોગ કરાવવામાં આવ્યા હતા. જેમાં શાળાના બધા જ વિદ્યાર્થીઓએ હોંશભેર ભાગ લીધો હતો. શાળાના ડાયરેક્ટર રોનક રાવલ, આચાર્ય રિદ્ધિબેન રાવલ, પંકજ રાજગોર, લીલા હિરાણી અને શાળાના સર્વે શિક્ષકો સહભાગી બન્યા હતા.

## ભુજ મંદિરમાં ૮ મંડળના સંતોની વિક્રમ સંવત-૨૦૮૨-૨૦૮૩, વર્ષ ૨૦૨૬-૨૦૨૭ એક વર્ષ માટે સેવાની વરણી નીચે પ્રમાણે કરવામાં આવી હતી

આપણા ભુજ મંદિરની પરંપરાનુસાર પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ આપણા કચ્છ અને દેશવિદેશના સત્સંગ સંચાલન માટે અલગ-અલગ સંતમંડળને સંચાલન વ્યવસ્થા સોંપવા સંવત ૨૦૮૨ જેઠ સુદ-૩ ના રોજ મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ.ગુ. સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોની ઉપસ્થિતિમાં સર્વે સંતોની બેઠકમાં નીચે મુજબના મંડળધારી સંતોને દેશ-વિદેશ અને કચ્છ સત્સંગની સંભાળ માટે અલગ અલગ સેવા સોંપવામાં આવી હતી. તે નીચે મુજબના સંતો સંભાળશે.

(૧)

**સ.ગુ.સ્વામી બાલકૃષ્ણદાસજીનું મંડળ**

સુખપર દેશ - અમદાવાદ ભાટ વિશ્રાંતિ ભુવન સુખપર, મદનપુર, નરનારાયણ નગર, માનકુવા, ભક્તિનગર, કોડકી, ફોટડી, કેરા-

કુંદનપુર, બળદિયા ઉપલો-નીચલોવાસ, મુન્દ્રા.

(૨)

**સ.ગુ.સ્વામી દેવપ્રકાશદાસજીનું મંડળ**

અંજાર મંદિર - યુ.કે. દ્વિતીય સત્સંગ વિચરણ (ડિસેમ્બર)



(૩)

**સ.ગુ.ઉપમહંત સ્વામી ભગવદ્જીવનદાસજીનું મંડળ**

ભુજ-મંદિર શ્રીઠાકોરજીની સેવા - પ્રથમ આફ્રિકા સત્સંગ વિચરણ

(૪)

**સ.ગુ.સ્વામી ગોલોકવિહારીદાસજીનું મંડળ**

માંડવી મંદિર - ઓસ્ટ્રેલીયા - દ્વિતીય સત્સંગ વિચરણ



(૫)

**સ.ગુ.સ્વામી કેશવજીવનદાસજીનું મંડળ**

નાની વાગડ - મુંબઈ થાણા - ભારત યાત્રા

**સત્સંગ વિચરણ**

માધાપર જુનો-નવોવાસ, હરિપર, ભચાઉ, નવાગામ, , ખોખરા, ચીરઈ, ખારોઈ, ચોબારી, આધોઈ, કંથકોટ, સરદાર નગર, ધાણેટી, દુધઈ, ઈન્દ્રપ્રસ્થ, ધમડકા. ભીમાસર, હિરાપર, નિંગાળ, સિનુગ્રા, દેવડિયા, કુંભારિયા, ગોલ્ડનસીટી-આદિપુર.

(૬)

**સ.ગુ.સ્વામી પુરૂષોત્તમસ્વરૂપદાસજીનું મંડળ**

રામપર દેશ - મુંબઈ વિશ્રાંતિ ભુવન વિલેપાર્લે મીરજાપર, ગોડપર, દહિંસરા, સરલી, રામપર-જુનો-નવોવાસ,વેકરા, વાડાસર,સામત્રા, મેઘપર, નારણપર ઉપલો-નીચલોવાસ, સુરજપર.

(૭)

**સ.ગુ.સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીનું મંડળ**

ભુજ પ્રસાદિ મંદિર- અબડાસા દેશ, પ્રથમ



**યુ.કે. સત્સંગ વિચરણ**

સુખપર રોહા, અંગીયા, રવાપર, નેત્રા, ઘડાણી, આમારા, દયાપર, દોલતપર, ભારાસર

(૮)

**સ.ગુ.સ્વામી દેવકૃષ્ણદાસજીનું મંડળ**

રાપર(વાગડ) દેશ, પ્રથમ ઓસ્ટ્રેલીયા સત્સંગ વિચરણ,



**આફ્રિકા દ્વિતીય સત્સંગ વિચરણ (ડિસેમ્બર)**

રાપર, નવાપરા, કલ્યાણપર, રત્નેશ્વર, સેલારી, સગ્રામસર, શિવગઢ, ઉમૈયા, પદમપર, સણવા, આડેસર, પલાસવા, ગાગોદર

## સ્થાનિકે સંતોની ક્રિયાની નામાવલી

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજની સ્થાનિક સેવાની પૂજ્ય મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી આદિ સંતોની ઉપસ્થિતિમાં દિનાંક ૨૭/૬/૨૦૨૬, જેઠ સુદ-૧૩ ના રોજ નીચે પ્રમાણે સ્થાનિક સેવા સોંપવામાં આવી છે. જે એક વરસ માટે સેવા કરશે.

**સંતોની ક્રિયાની નામાવલી**

**માર્ગદર્શક સંતો**

ઉપમહંત સ.ગુ.સ્વામી

ભગવદ્‌જીવનદાસજી

સ.ગુ.સ્વામી દેવપ્રકાશદાસજી

**મુખ્ય કોઠારી**

શા.સ્વામી નારાયણમુનિ દાસજી

શા.સ્વામી દેવવિહારીદાસજી

**કોઠારી**

પુરાણી સ્વામી પ્રભુવલ્લભદાસજી

પૂ.સ્વામી પુરૂષોત્તમપ્રિયદાસજી

પૂ.સ્વામી રઘુવિરચરણદાસજી

પૂ.સ્વામી સત્સંગસેવકદાસજી

**શ્રી નરનારાયણદેવ સાહિત્ય કેન્દ્ર**

શા.સ્વામી ભક્તિપ્રકાશદાસજી

**ભોજનાલય**

સ.ગુ.પુ.સ્વામી પુરૂષોત્તમસ્વરૂપદાસજી

કો. શા.સ્વામી દેવવિહારીદાસજી

**પાકશાળા તથા દૂધ-છાસ**

સ.ગુ.સ્વામી દેવપ્રકાશદાસજી

કો.સ.ગુ.શા.સ્વામી નારાયણમુનિદાસજી

**ભંડાર**

પૂ.સ્વામી શ્રીવલ્લભદાસજી

પૂ.સ્વામી બાલમુકુંદદાસજી

**સહજાનંદ બાગ(લેર) અને નરનારાયણ દેવ બાગ (રેલડી)વાડી**

સ.ગુ.સ્વામી જગજીવનદાસજી

પૂ.સ્વામી ધર્મવત્સલદાસજી

**ફૂલવાડી અને રાવલવાડી**

પૂ.સ્વામી ઘનશ્યામપ્રિયદાસજી

પુ.સ્વામી ધર્મવિહારીદાસજી

પૂ.સ્વામી વાસુદેવપ્રસાદદાસજી

**ફૂલસેવા**

સ.ગુ.સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી

પૂ.સ્વામી જ્ઞાનપ્રિયદાસજી

**લાઇટ સેવા**

પૂ.સ્વામી નીલકંઠસ્વરૂપદાસજી

**શ્રીસ્વામિનારાયણ દ્વિશતાબ્દી સ્મૃતિ મંદિર**

સ.ગુ.સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી

પૂ.સ્વામી શ્રીજીપ્રિયદાસજી

**પાણી સેવા**

પાર્ષદ નારણ ભગત

# સત્સંગ સમાચાર વિદેશ

## ઓક્લેન્ડ-ન્યુઝીલેન્ડ મધ્યે અધિકમાસ નિમિત્તે વિશેષ સત્સંગ ભક્તિભાવ સાથેના આયોજનો યોજાયા



ભુજ મંદિરના પરમપૂજ્ય મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી, શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ-ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ) ખાતે સંવત ૨૦૮૨ અધિક જેઠ સુદ-૧ થી અધિક જેઠ વદ-અમાસ, દિનાંક ૧૭ મે ૨૦૨૬ થી ૧૫ જૂન ૨૦૨૬ પવિત્ર અધિકમાસ દરમિયાન હરિભક્તો દ્વારા અદ્‌ભુત ભક્તિભાવ, દૃઢ નિષ્ઠા સાથે દિવ્ય સત્સંગ સંબંધી અનેકવિધ આયોજનો યોજાયા હતા.

આ સમગ્ર માસ દરમિયાન ભક્તોએ ભક્તિના રંગે રંગાઈને અદ્વિતીય સેવા અને સ્મરણોનો આનંદ માણ્યો હતો. જેમ કે,

★ સામૂહિક ૧૨૦૦૦ હજાર માળાનો અદ્‌ભુત જપ આ સાથે જ મંદિર પરિસરમાં સતત ભજન, કીર્તન અને અખંડ નામ-સ્મરણની ગુંજથી સમગ્ર વાતાવરણ વૈકુંઠધામ જેવું ભક્તિમય બની ગયું હતું.

★ પાંચ મંદિરોની ભવ્ય દર્શનયાત્રા (તા.૧/૬/૨૦૨૬) એકતા અને ઉત્સાહનું અદ્‌ભુત દર્શન. તા.૧ જૂન ૨૦૨૬ ના રોજ ઓકલેન્ડના ૮૦ થી વધુ ઉત્સાહી હરિભક્તોની વિશાળ બસ ભરાઈને એક દિવસ દિવ્ય યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રા દરમિયાન ભક્તોએ ઓકલેન્ડ સ્થિત ૫ મંદિરોની અદ્‌ભુત યાત્રા કરી દર્શનનો અદ્‌ભુત અને અવિસ્મરણીય લહાવો લીધો હતો.

★ (તા.૧૪/૬/૨૦૨૬) તા.૧૪ જુન ૨૦૨૬ ના રોજ સૌ હરિભક્તો માટે એક વિશેષ ભજન અને ભક્તિ આરાધનાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભક્તોએ હૃદયપૂર્વક નીચે મુજબના આધ્યાત્મિક અનુષ્ઠાનોનો લાભ લીધો હતો.

**૧-પાંચ કલાકની અખંડ ધૂનઃ-** પ્રભુના નામની સતત ધૂનની રમઝટ બોલાવી હતી.

**૨-૧૦૮ દંડવત્ પ્રણામઃ-** હરિભક્તોએ ભગવાન સમક્ષ પરમ આદર સાથે ૧૦૮ દંડવત્ પ્રણામ કર્યા હતા.

**૩-સર્વમંગલ પૂજન તથા હરિસ્મૃતિ પાઠ :-** શાસ્ત્રોક્તવિધિથી પૂજન-અર્ચન અને પાઠનું પઠન કરવામાં આવ્યું હતું.





**૪-ધ્યાન અને અનુષ્ઠાન** :- આત્મકલ્યાણ અર્થે ભક્તોએ એકાગ્ર ચિત્તે ધ્યાન અને વિશેષ ધાર્મિક અનુષ્ઠાનનો દિવ્ય લાભ લીધો હતો.

ભુજ મંદિરના સંતોના આશીર્વાદથી ન્યુઝીલેન્ડની ધરતી પર યોજાયેલો આ અધિકમાસનો ઉત્સવ ભક્તોના હૃદયમાં ભક્તિ અને સમર્પણનો નવી ઊર્જા સંચાર કરી ગયો, ભુજ ઓકલેન્ડ મંદિરના તમામ હરિભક્તોની સેવા, શ્રદ્ધા અને અદ્‌ભુત સમૂહભાવના ખરેખર પ્રસંશનીય રહી હતી.

અ - મુંકુંદ વાલાણી

## પર્થ-ઓસ્ટ્રેલિયા શ્રીસ્વામિનારાયણ મંદિર તથા સમાજ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ

★ ૧૯ એપ્રિલ ૨૦૨૬ ના રોજ મંદિર અને સમાજના સંયુક્ત આયોજન હેઠળ વોક(રન) તથા ભવ્ય રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હરિભક્તો ચાલીને અને જોગ કરીને દોડીને ઉત્સાહભેર ભાગ લઈને તથા આર્થિક સેવા આપી હતી. જેના દ્વારા આશરે ૨૫૦૦૦ ડોલર વ્હીલચેર દાન માટે એકત્રિત થયા હતા. અને સાંજે અક્ષયતૃતીયા નિમિત્તે ભવ્ય રાસોત્સવનું પણ આયોજન કરવામાં આવ્યું જેમાં ભક્તજનો બહોળી સંખ્યામાં રાસ રમીને શ્રીહરિને રાજી કર્યા હતા.

★ ૨૫ એપ્રિલ ૨૦૨૬ ના રોજ બાળકો માટે ઘનશ્યામ સ્પોર્ટ્સ ડે નું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ રમતો દ્વારા બાળકોને ગમ્મત સાથે જ્ઞાન મળે એવા શુભ હેતુથી બાળકોને અલગ અલગ ગ્રુપમાં ટીમવર્ક, શિસ્તના પાઠ







શિખવાડી તેમના ઉત્સાહનો વિકાસ થાય એવા પ્રયાસો દ્વારા સમગ્ર કાર્યક્રમને આનંદ અને સ્પર્ધાત્મક ભાવનાથી ભરપૂર બનાવી શ્રીહરિનો મહિમા સમજાવવામાં આવ્યો હતો.

★ ૫ મે ૨૦૨૬ ના રોજ મંદિરમાં ‘ભક્તિ ટુ શાંતિ’ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ભક્તોએ સમૂહમાં યોગ અને ધ્યાન કરીને આંતરિક મનની શાંતિ અને આધ્યાત્મિક અનુભવ મેળવ્યો હતો. આ કાર્યક્રમ દ્વારા ભક્તિભાવ સાથે માનસિક શાંતિનો અનુભવ થયો હતો.





★ ૧૭ મે ૨૦૨૬ ના રોજ પવિત્ર અધિક માસના પ્રારંભ સાથે મંદિરમાં ભક્તજનોએ શ્રીહરિને રાજી કરવા શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે વિવિધ પ્રકારના નિયમોનો સમૂહ આરંભ કર્યો હતો. ભક્તજનોએ પોતાના આધ્યાત્મિક ઉત્કર્ષ માટે અલગ અલગ વિભાગમોમાં નિયમો પસંદ કરીને નિષ્ઠાપૂર્વક અનુસર્યા હતા. નિયમોમાં મુખ્યત્ત્વે સ્વામિનારાયણ મહામંત્ર જપમાળા અનુષ્ઠાન, દંડવત્ પ્રણામ, જનમંગલ નામાવલિ-સ્તોત્રના પાઠ, વંદુ સહજાનંદ રસરૂપના પાઠ સાથે અન્ય ભક્તિ અનુષ્ઠાનો. આ સમયગાળા દરમિયાન સમગ્ર મંદિર પરિસરમાં ખૂબ ભક્તિભાવ, શિસ્ત અને આધ્યાત્મિક શાંતિનો માહોલ જોવા મળ્યો હતો.

★ ૨૨ મે ૨૦૨૬ ના રોજ શ્રીસ્વામિનારાયણ યુવક મંડળ સિડની અને પર્થ મંદિરના સંયુક્ત સભામાં વિશેષ સ્વામિનારાયણ

મહામંત્ર ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન દ્વારા ભક્તજનોએ સાથે મળીને શ્રીહરિને રાજી કરવામાં મંત્રજાપ કર્યો હતો.

★ આ કાર્યક્રમનો હેતુ આવનારા સંગઠન પર્વ માટે આધ્યાત્મિક તૈયારી કરવી અને સત્સંગમાં સુહૃદભાવ વધે, ભક્તજનો વચ્ચે સત્સંગીય એકતા વધુ મજબૂત બને એવો છે. સમગ્ર આયોજન દરમિયાન સભામાં ભક્તિભાવ, ઉત્સાહ અને મંત્રોચ્ચારનું દિવ્ય વાતાવરણ સર્જાયું હતું.

★ ૨૪ મે ૨૦૨૬ના રોજ મહિલા ભક્તો દ્વારા ભજન-કીર્તનનું એક દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અનેક યુવતીઓ સાથે મળીને ભજન-ભક્તિ કરી હતી શ્રીહરિને રાજી કર્યા હતા.

# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

## તમે પણ દયા રાખજો

બાલમિત્રો ! જય સ્વામિનારાયણ, ભગવાન શ્રીહરિ સુરજબાઈનો સંકલ્પ પૂર્ણ કરવા તેમને ઘેર પધાર્યા. રંગોત્સવની તૈયાર થવા લાગી. ફાગણ સુદ પૂનમને દિવસ આવ્યો. પ્રાતઃકાળમાં સંતો-ભક્તોની સાથે રામકુંડમાં સ્નાન કરીને સર્વે શ્વેત વસ્ત્રો ધારણ કર્યા. નિત્ય વિધિ કર્યા પછી સુંદર પાટ ઉપર બિરાજમાન થયા.

ત્યાં તો ઉદેરામ ભટ્ટ, વલ્લભરામ ભટ્ટ, ગણપતરામ મહેતા તથા મહીદાસ ભટ્ટ આદિ ભક્તો રંગના માટલાં તથા ઘડા ભરીને શ્રીહરિ આગળ લાવીને મૂક્યાં. ને ગુલાલના ટોપલા ભરીને લાવ્યા. એક બાજુ મુક્તાનંદ સ્વામી આદિ સર્વે સંતો તથા સુંદરજીભાઈ, હીરજીભાઈ તથા ગંગારામભાઈ આદિ સર્વો ભક્તો આવ્યા.

ભગવાન શ્રીહરિને પ્રાર્થના કરી : "હે મહારાજ ! રંગોત્સવનો પ્રારંભ કરાવો." ભક્તોની ઈચ્છા પૂર્ણ કરવા. ભક્તોને આનંદ આપવા ભગવાન શ્રીહરિ સોનાની પિચકારી હાથમાં લીધી. ઘડામાં ભરેલા ગુલાબી રંગમાં ડુબોવી. પીચકારીમાં રંગ ભરીને સંતો તથા ભક્તો ઉપર છોડી. પછી ગુલાલની ઝોળી ભરીને સૌના ઉપર નાખ્યો. ત્યારે સંતો તથા ભક્તો સર્વે પિચકારીઓ લઈને મહારાજ ઉપર રંગ છાંટવા લાગ્યા ને ગુલાલ પણ ઉડાણવા લાગ્યા. પછી શ્રીહરિની આજ્ઞા થતાં સંતો તથા ભક્તો પરસ્પર જોડ કરીને રંગ રમવા લાગ્યા. એક બીજા પર પીચકારીથી તો કોઈ ગુલાલ નાખવા લાગ્યા. સાથે શ્રીહરિ તાળી વગાડીને હોળીનાં પદ બોલ્યા ને સર્વે સંતો તથા ભક્તો તાળી વગાડી ઝીલવા લાગ્યા. ઘણા વાર સુધી રંગોત્સવ રમ્યા.

પછી ભગવાન શ્રીહરિ રંગમાં રસબસ થયેલા વસ્ત્રો સાથે અશ્વે અસ્વાર થઈને સંતો-ભક્તોની સાથે વાજતે-ગાજતે મહાદેવવાળા

નાકે થઈને હમીર સરોવરમાં સ્નાન કરવા પધાર્યા. વસ્ત્રે સહિત જળમાં પ્રવેશ કર્યો. સંતો-ભક્તો પણ સાથે સ્નાન કરવા લાગ્યા. જળલીલા કરીને શ્રીહરિ બહાર નીકળ્યા. સુંદર શ્વેત વસ્ત્રો ધારણ કરીને અશ્વે અસવાર થઈને સુરજબાઈને ઘેર પધાર્યા. પછી સુરજબાઈએ થાળ કર્યો તેને મહારાજ જમ્યા અને સંતો-ભક્તોને જમાડીયા. થોડી વાર આરામ કરીને સુંદર ઢોલિયા ઉપર બિરાજમાન થયા.

તો સામયે પ્રથમ સુરજબાઈ મહારાજની પૂજા કરવા આવ્યા. તેણે સુંદર જરિયાની વસ્ત્રો મહારાજને ધારણ કરાવ્યાં. ચંદન પુષ્પે કરીને પૂજા કરી, આરતી ઉતારીને સ્તુતિ કરી. પછી સંતોની પૂજા કરાવી. ત્યાર પછી ભક્તો આવીને શ્રીહરિની પૂજા કરી.સાયંકાળ પર્યંત ભગવાન શ્રીહરિની પૂજા ચાલી. પછી સંધ્યા આરતી, નારાયણ ધૂન્ય કરીને શ્રીહરિ સભામાં જ્ઞાનવાર્તા કરીને આનંદ પમાડ્યા. પછી સર્વેને ઉતારે જવાની આજ્ઞા કરીને પોતે ઉતારે આવીને જળપાન કરીને પોઢી ગયા.

બીજે દિવસે સુરજબાઈએ સર્વે વાડીઓમાંથી ફૂલ મંગાવીને ફૂલનો હીંડોળો બંધાવ્યો. ભગવાન શ્રીહરિને હિંડોળામાં બેસાડીને ભક્તોએ ઝુલાવ્યા. સંતો-ભક્તો ઝાંઝ, મૃદંગ, વજાડીને હિંડોળાનાં પદો બોલી ઉત્સવ કરવા લાગ્યા. પછી શ્રીહરિ હિંડોળામાંથી ઊતરીને ઉત્સવ સમાપન કર્યો. સર્વે સંતો-ભક્તોને જમાડ્યા.

અને દૂરથી આવેલા સત્સંગીઓને પોતપોતાના દેશમાં જવાની આજ્ઞા કરી. ત્યારે કંથકોટના કચરાભગત, ધમડકાના અદાજી તથા માંડવીના સુંદરજી શેઠ, બળદીયાના કૃષ્ણ ભગત, રતના ભગત તથા રામપરના રવજી ભગત તથા માનકુવાના કણબી શિયાણી વસરામ અને કણબી વસરામ ભગત એ આદિ સર્વે ગામડાના હરિભક્તો ચાલવાના સમયમાં ભગવાન શ્રીહરિના દર્શન કરવા આવ્યા. દર્શન કરીને પ્રાર્થના કરી : “હે મહારાજ ! દયા રાખજો!” ત્યારે મહારાજ બોલ્યા : “તમે પણ દયા રાખજો.” દર્શન કરી હરિભક્તો ત્યાંથી ચાલ્યા ને બહાર જઈને એમ વિચાર કર્યો જે, ‘આપણે મહારાજને કહ્યું કે દયા રાખજો તે તો સમજાયું પણ શ્રીજીમહારાજે કહ્યું  તમે પણ દયા રાખજો, એ સમજાયું નહિ.’ ભક્તો પાછા આવીને શ્રીહરિને આ વાત પૂછી.

ત્યારે ભગવાન શ્રીહરિ કહ્યું : “ભક્તો ! આ દેહ સાડાત્રણ હાથનો છે. તેમાં ત્રણ આંગળનું હૃદય છે ત્યાં અમે રહીએ છીએ. એ અમારું સ્થાન છે. તે ચોખ્ખું રાખજો ને ત્યાં જો સ્ત્રી, ધન આદિક માયિક વિષયો ઘાલશો તો અમારાથી ત્યાં નહિ રહેવાય. માટે એટલા દયા તમે રાખજો.” એમ શ્રીહરિએ પોતાનો સિદ્ધાંત કહ્યો. પછી સર્વે ભક્તો શ્રીહરિને વંદન કરીને ચાલ્યા. અને સંતો પણ શ્રીહરિને વંદન કરી આજ્ઞા લઈને ગામડા ફરવા ગયા. આવી રીતે ભગવાન શ્રીહરિએ સુરજબાઈને ઘરે રંગોત્સવ અને ફૂલડોલનો ઉત્સવ કર્યો.

## ફૂલો લઇએ કાંટા નહિ

બાળમિત્રો, જય શ્રીસ્વામિનારાયણ, કોઇના દોષો ન જોવા ગુણ જ જોવા કારણકે જેવું જોશો તેવું મળશે. તમે બગીચામાં રહેલા ગુલાબના છોડમાંથી શું લાવો છો ? ગુલાબ કે એમનામાં રહેલા કાંટા ? વાર્તા વાંચો અને વિચારો.

એક નાન એવા શહેરમાં નાનો એવો બગીચો, બગીચામાં રમવું બાળકોને બહુ ગમે. કેટલાક બાળકો બગીચામાં દોડપકડ રમતા હતા. રમતાં રમતાં થાક્યા એટલે થાક ખાવા એક ઝાડ નીચે બેઠા. બાજુમાં ગુલાબનો બગીચો. એક બાળકની નજર ગુલાબના છોડ પર પડી. સુંદર-મજાનાં ગુલાબનાં ફૂલો જોઇને તે બાળક તો છોડ પાસે ગયો અને ફટ દઇને ગુલાબના ફૂલને ચૂંટી લીધું. ત્યાં જ તે ગુલાબનું ફૂલ બોલ્યું, મિત્ર, તું જ્યારે અમારી પાસે આવે છે ત્યારે, અમને એટલે કે ફૂલોને ચૂંટી લે છે, પરંતુ અમારી અંદર રહેલા કાંટાને રહેવા દે છે. તો કાંટા કેમ નથી લઇ જતો ?

બાળક તો ખિલખિલ હસવા લાગ્યો ને ફૂલને સૂંઘતાં બોલ્યો, તું તો અમને મીઠી સુગંધ આપે છે, જ્યારે કાંટા તો અમને ઇજા પહોંચાડે છે. આ સાંભળીને ફૂલ કહે, પરંતુ જ્યારે તું તો તારા મિત્રો માંથી કે સંતો-ભક્તોમાંથી તેમના ફૂલ જેવા ગુણોને રહેવા દઇને તેમના કાંટા જેવા દોષો જ ચૂંટે છે-ગ્રહણ કરે છે. તેનું શું કારણ ?

ફૂલની આ વાત સાંભળી તે બાળક તો વિચારમાં જ પડી ગયો. તેણે મનમાં વિચાર્યું કે મારે જરૂર આ વાતનો મર્મ સમજવો છે. ફૂલમાંથી કઇક શીખવું જોઇએ. બાળમિત્ર, તમે સમજ્યા ફૂલનો કહેવાનો અર્થ ?

ફૂલ આપણને એ શીખવાડે છે કે જેમ, આપણે બગીચામાંથી સુંદર ફૂલો લાવીએ પણ કાંટા નથી લાવતા. તેમ આપણે આપણાં મિત્રો કે સંતો-ભક્તોમાંથી કે અન્ય કોઇ પણ વ્યકિતમાંથી હંમેશાં ગુલાબ જેવાં સુંદર ગુણો જ લેવા અને તે જીવનમાં ઉતારવા. પરંતુ ક્યારેય કોઇના કાંટા જેવા દોષો જોઇએ નહિ અને તેના દોષો વિશે વિચારએ પણ નહિ.

દુર્યોધન હંમેશા સૌના દોષો જ જોતો, પરિણામે તે દુર્જન બન્યો. જ્યારે પાંડવો હંમેશા સૌના ગુણો જ જોતા, પરિણામે તેઓ સજ્જન બન્યા.

તમારે કોના જેવા થવું છે ? દુર્યોધન રૂપી કાંટા જેવા કે પાંડવોરૂપી ફૂલ જેવા ? બાળમિત્રો, આંખ જેવું જુએ, તેવું મન વિચારે, મન જેવું વિચારે, તેવું શરીર વર્તન કરે, અને જેવું વર્તન કરીએ, તેવું ફળ મળે,

એટલે, જો આપણે સારું જોઇએ તો સારા વિચારો આવે, સારા વિચારો આવે તો સારું વર્તન કરીએ, અને સારું વર્તન કરીએ તો સારું ફળ મળે.

## શબ્દ રચના



### આડી ચાવી

૧. શ્રીહરિનું જન્મ સ્થાન.
૩. સ્થિરમન, એકલક્ષી.
૫. ત્રિભુવન.
૬. એક પ્રકારના ભક્ત.
૮. પાર ઉતારવું તે.
૧૦. બ્રહ્માદેવના પુત્ર.
૧૨. ધન, દાણા.
૧૪. એક પ્રકાશિત જંતું.
૧૫. એક અવતાર.
૧૬. પચીસ વર્ષ પૂરાં થતાં.

### ઊભી ચાવી

૧. ભગવાન ઉપર ધરાતું.
૨. યાત્રા કરનાર.
૩. સંપ, સગંઠન.
૪. સૂર્ય ને ચંદ્રનું ઘેરાવું.
૭. સંગીતનું તાર વાદ્ય.
૯. વિશેષે કરીને જીતવી.
૧૦. સ્ટેજ પર ભજવાતું.
૧૧. વચ્ચે પડવું, નડતર.
૧૨. પૂષ્પોમાંથી બનતું.
૧૩. દુનિયા, વિશ્વ.

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧- કરસનભાઇ ઝીણાભાઇ જેસાણી ધ.પ.અ.નિ.રતનબાઇ, સુત ભીમજીભાઇ ધ.પ.ધનબાઇ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૨૫૧- નિતીન હીરજી વરસાણી, હ હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે- નારાણપર-રાવરી હાલે-યુ.એસ.એ. (અમેરિકા)

૯૦૧- પ્રેમવતી વાસ્તુ શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે હસ્તે રાજેશ માવજી નિસર- બોરીવલી-મુંબઇ

૫૦૦- હીરજી કાનજી હિરાણી ચારધામની યાત્રા સુખરૂપ પૂર્ણ થઇ તેના ઉદ્યાપન નિમિત્તે- નરનારાયણનગર-સુખપર

૫૦૦- વેન્શ દિનેશ વરસાણી C.A.માં પાસ થયા તે નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - કેરા

RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2024-2026
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2026/UPTO 31-12-2026









## અધિકમાસ દરમિયાન શ્રી વિષ્ણુસહસ્ત્રનામ જપાત્મક તથા હોમાત્મક અનુષ્ઠાન- મુંદ્રા